**DATE: 23/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# સોશિયલ મીડિયામાં પોસ્ટ કરનારા બે ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરા તાલુકાના જોલવા ગામે થયેલી તકરારને લઈને સોશિયલ મીડિયા પર બે ધર્મના લોકો વચ્ચે વયમનસ્ય ઉભું થાય તે પ્રકારની પોસ્ટ મુકી વાયરલ કરાઇ હતી. દરમિયાનમાં દહેજ પોલીસનો કાફલો તુરંત જોલવા ગામે પહોંચી તપાસ કરતાં ત્યાં થયેલી તકરાર એક જ કોમના લોકો વચ્ચે થઇ હોવાનું માલુમ પડ્યું હતું. જેના પગલે પોલીસે પણ સોશિયલ મીડિયા પર રદીયો આપી લોકોને અફવાઓથી દૂર રહેવા તાકીદ કરાઇ હતી. ઉપરાંત સોશિયલ મીડિયા પર ખોટો મેસેજ વાયરલ કરનાર દેવેન્દ્ર નટવર પ્રજાપતિ તેમજ પ્રદિપસિંહ લક્ષ્મણસિંહ પરમારની ધરપકડ કરી હતી.

**DATE: 23/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરમાં બે મહિલા સહિત 4 ખેલી ઝબ્બે

અંકલેશ્વર | અંકલેશ્વર બાપુનગર ઓવરબ્રીજ નજીક કેટલાક લોકો ભેગા મળીને પતા પાનાનો હારજીતનો જુગાર રમે છે. બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. જ્યાં જુગાર રમતા મોહમ્મદ નવાબ, ભાવેશ પટેલ, રેવા વસાવા અને હેમાસોલંકીને પત્તા પાનાનો જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. પોલીસે દાવ પર લાગેલા 14,500 રૂપિયા તેમજ અંગઝડતીમાંથી 22.500 રૂપિયા મળી કુલ 37 હજાર રૂપિયા રોકડા જપ્ત કર્યા હતા

**DATE: 23/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-06**

### ભરૂચ જિલ્લા પોલીસવડાએ સાયકલિસ્ટોને આવકાર્યા

# ભરૂચ ખાતે નવરાત્રિ મહોત્સવમાં સાયકલ પર સવાર થઈ ગરબા ગાયા

## શારીરિક અને માનસિક તંદુરસ્તીની જાગૃતિ માટે સાઈકલ પર સવાર થઈ ગરબે ઘૂમ્યાં

| ભરૂચ |

ભરૂચના પોલીસ હેડકવાર્ટસના મેદાનમાં પોલીસ તંત્ર દ્વારા સેફ એન્ડ સિક્યોર નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે. આ મહોત્સવમાં ખુબ મોટી સંખ્યામાં ખેલૈયાઓ ઉમટી રહ્યા છે ત્યારે ભરૂચ સાયક્લીસ્ટ ગૃપના ૧૨ જેટલા સાયક્લીસ્ટોએ પોલીસ નવરાત્રી મહોત્સવ ખાતે પહોંચી ગયા હતા અને શારિરીક અને માનસિક તંદુરસ્તી તેમજ સ્વચ્છતા જેવી બાબતો અંગે સામાજીક જાગૃત લાવવા માટે તેઓ સાયકલ પર સવાર થઈ ગરબે ઘુમ્યા હતા.

સાયક્લીસ્ટોએ આગવુ આકર્ષણ જમાવ્યુ હતુ ત્યારે ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાએ જણાવ્યુ હતુ કે, માતાજીની ભક્તિમાં સાયક્લીસ્ટો જયારે સામેલ થઈ રહ્યા છે ત્યારે એક ખુબ મહત્વની બાબત બની રહી છે.



ભરૂચ સાઇકલિસ્ટ ગૃપના ૧૨ સાયક્લીસ્ટોએ ગરબા ગાયા હતા.

આવનાર દિવસોમાં પણ સાયક્લીસ્ટો દ્વારા સમાજ કલ્યાણના વિવિધ કામો થાય તે માટેનું આયોજન કરવામા આવશે. ૧૨ જેટલા સાયક્લીસ્ટોમાં સમીર ઠક્કર, સંજય બિનીવાલે, રાજવીરસિંહ ઠાકોર, જયેશ પટેલ, મહેશ ડોડીયા વગેરેનો સમાવશે થાય છે. આ અગાઉ પણ ભરૂચ સાયક્લીસ્ટ ગૃપ કે જેની સ્થાપના ત્રણ વર્ષ અગાઉ થઈ હતી તેઓ દ્વારા ભરૂચથી દાંડી, સાપુતારા અને સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધીનો સાયકલ પ્રવાસ યોજાયો હતો. આવનાર દિવસોમાં પણ ભરૂચ સાયક્લીસ્ટ દ્વારા લાંબા પ્રવાસોનું આયોજન થનાર છે.

**DATE: 23/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# હાંસોટ સર્કલ પાસે ટ્રકમાં કતલખાને લઈ જવાતા ૨૭ પશુને બચાવ્યા

હાંસોટ તા.૨૨

હાંસોટ પોલીસ દ્વારા હાંસોટ સર્કલ પાસે રાતના સમયે પેટ્રોલિંગમાં હતી. તે સમયે એક ટ્રકને પોલીસે અટકાવી હતી.

## પોલીસે ટ્રક ચાલકની અટકાયત કરી, એક પશુનું મોત

તેમાં તપાસ કરતા ૨૭ ભેંસ દોરડા વડો બાંધી ખોરાકની સુવિધા વિના કતલખાને લઇ જવાના ઈરાદે લઈ જતાં હતા.

પોલીસે ટ્રકના ચાલક ફકીર એઝાઝ યાકૂબ ગની રહે.જંબુસર તથા ભેંસ ટ્રકમાં ભરાવનાર સકીલ ભાઈ પાસ પરમીટ વગર ટ્રકમાં પશુ લઇ જતાં હતા.જેમની હાંસોટ પોલીસે અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.જ્યારે એક પશુનું મોત નિપજ્યુ હતુ.

**DATE: 23/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# ઝઘડિયા લાડવાવડ પાસેથી જુગારના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

ઝઘડીયા તા ૨૨

ઝઘડીયા તાલુકાના રાજપારડી પોલીસ મથકમાં નોધાયેલા જુગારના ગુના હેઠળ નાસતા ફરતા આરોપીને ભરૂચ પેરોલ ફ્લો સ્ક્વોડની ટીમે ઝડપી લીધો હતો.

## પકડાયેલા આરોપીને રાજપારડી પોલીસ મથકે સોંપ્યો

ભરૂચ પેરોલ ફ્લો સ્ક્વોડની ટીમે રાજપારડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા જુગારના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી લીધો હતો.ભરૂચ જિલ્લાના વિસ્તારમાં નાસતા ફરતા તેમજ પેરોલ ફ્લો જમ્પના ફરાર આરોપીઓની માહિતી એકત્ર કરી તેમને ઝડપી લેવા જિલ્લાના પોલીસ વિભાગને સુચનાઓ આપેલી હતી. જેના અનુસંધાને પીએસઆઇ ફલી સ્કોર્ડ ભરૂચ દ્વારા ટીમ સાથે મળી ફરાર કેદી તથા નાસતા-ફરતા આરોપીઓને શોધી કાઢવા અંગે પ્રયત્ન હાથ ધરવામાં આવ્યા હતા.

આ દરમિયાન હ્યુમન ઈન્ટેલીજન્સથી બાતમી મળી હતી કે રાજપારડી પોલીસ મથકમાં નંધાયેલ જુગારધારા અંતર્ગતના ગુના હેઠળ નાસતો-ફરતો આરોપી શૈલેષભાઇ પુનીયાભાઇ વસાવા રહે.લીમોદ્રા સુકવણા ફળીયા તા.ઝગડિયા જિ.ભરૂચના હાલ ઝગડિયા લાડવાવડ ખાતે હાજર છે. મળેલ બાતમીના આધારે પેરોલ ફ્લોની ટીમે તપાસ કરતા સદર બાતમીવાળો ઇસમ મળી આવતા તેને આજરોજ તા.૨૧ મીના રોજ હસ્તગત કરીને કાર્યવાહી માટે રાજપારડી પોલીસને સોંપ્યો હતો.

**DATE: 24/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# ભરૂચ હેડ ક્વાર્ટર્સ ખાતે આજે શસ્ત્રપૂજા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેર જિલ્લામાં મંગળવારે દશેરાની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. દશેરાના દિવસે લોકો તેમના શસ્ત્રો તેમજ વાહનોની પુજા કરતાં હોય છે. ત્યારે ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા પણ મંગળવારે દરવર્ષની જેમ શસ્ત્રપુજનનું આયોજન કર્યું છે. સવારે 10.15 વાગ્યે ભરૂચ પોલીસ હેડ ક્વાટર્સ ખાતે એસપી મયુર ચાવડાના હસ્તે શસ્ત્રપુજા કરવામાં આવશે.

**DATE: 24/10/2023 CATEGORY: GREEN**

**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### શહેરમાં બીજી સ્ત્રી સાથે રહેવા લાગ્યો, અભયમની ટીમે બચાવી

# પતિના પરસ્ત્રી સાથેના સંબંધોથી કંટાળી પત્નીનો આપઘાતનો પ્રયાસ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકાનાં નજીકના વિસ્તારમાં રહેતી મહિલાએ અભયમ ટીમને ફોન કરી જણાવ્યુ હતું કે તેમનો પતિ અન્ય સ્ત્રી સાથે સંબંધ રાખે છે તેથી તેમને આ વાતની જાણ પિયર કરી પીડિતાના લવ મેરેજ હોવાથી પિયર વાળાએ પણ સાથ આપવાની ના પાડતા મહિલા કંટાળી આત્મહત્યા કરવા બ્રિજ પાસે પહોંચી હતી.જેથી ભરૂચ અભયમની ટીમ તાત્કાલીક સ્થળ પર પહોંચી તેનું કાઉન્સિલિંગ કરતાં મહિલાએ જણાવ્યુ કે તેમણે પ્રેમ લગ્ન કર્યા છે. અને તેમને બે વર્ષ ની દીકરી છે .મહિલા અને તેનો પતિ શહેરમાં ભાડાના મકાનમા રહેતો હતો. પતિએ તેમને પિયરમા જવા માટે કહ્યું હતું અને સારી નોકરી મળે ત્યારે બોલાવીશ તેમ જણાવ્યું હતું જ્યારે તે સાસરીમાં જ રહેતી હતી. પરંતુ તેમના પતિ એ ઘરે આવવાનું છોડી દેતા તેને શંકા જતાં તેમણે પતિનો પીછો કર્યો તો જાણવા મળ્યું કે તેમનો પતિ નોકરી કરવાના બહાને અન્ય મહિલા સાથે તેના ઘરે રેહતો હતો. તેણે તેઓને સમજાવ્યા પરંતુ પતિ અન્ય મહિલા સાથે લગ્ન કરવાનું કહેતા હતાં.

જેથી કંટાળી આત્મહત્યા માટે બ્રિજ પાસે પહોચી હતી જેથી 181 ટીમ દ્વારા પીડિતાનું અસરકારક કાઉન્સિલિંગ કરી આત્મહત્યા કરવાના વિચારોમાથી બહાર કાઢી હતી. હાલ તો મહિલાનું કાઉન્સેલિંગ કરીને તેને આગળની કાયદાકીય પ્રક્રિયા અંગે માર્ગદર્શન અપાઈ રહયું છે.

**DATE: 24/10/2023 CATEGORY: GREEN**

**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ઝઘડિયા તાલુકામાંથી 7 ખેલી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ફૂલવાડી અને નવી તરસાલી ગામેથી પાના પત્તા નો જુગાર રમતા સાત જુગારીયાને ઝડપી લેવાયાં છે. ફૂલવાડીમાં કાવેરી નદીના કિનારે જુગાર રમી રહેલાં 4 ખેલીઓને 1,820 રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપી લેવાયાં છે. જ્યારે બીજી ઘટનામાંનવી તરસાલી ગામેથી ટાંકી ફરિયામાં જુગાર રમતા ત્રણ ઈસમોને રાજપારડી પોલીસે ઝડપી પાડ્યા છે. તેમની પાસેથી રૂપિયા 960 નો મુદ્દામાલ કબજે કર્યો છે

**DATE: 25/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**



દશેરાના દિવસે પોલીસ હેડક્વાટર્સ તથા પોલીસ સ્ટેશન ખાતે કાર્યક્રમો યોજાયાં

# શાંતિ અને સુરક્ષાના સંકલ્પ સાથે શસ્ત્રોનું પૂજન

ભરૂચ | અસત્ય પર સત્યનો વિજયની ઉજવણી કરવાનું પર્વ એટલે દશેરા. પ્રજાની શાંતિ અને સલામતી માટે ફરજ બજાવતાં પોલીસ વિભાગ પણ દશેરાના દિવસે શસ્ત્રપૂજન કરતો હોય છે. દશેરાના દિવસે ભરૂચ અને નર્મદા જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનમાં શસ્ત્રપૂજનના કાર્યક્રમો આયોજીત કરવામાં આવ્યાં હતાં. ભરૂચ પોલીસ હેડક્વાટર્સ ખાતે એસપી મયુર ચાવડા તથા પોલીસ અધિકારીઓની હાજરીમાં શસ્ત્રોની પૂજા કરવામાં આવી હતી. અશ્વદળ તથા ડોગ સ્ક્વોર્ડના શ્વાનની પણ પૂજા કરવામાં આવી હતી.

**DATE: 25/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ઝઘડિયા, રાજપારડી- ઉમલ્લા પોલીસની ટીમ એક્શનમાં

# ઝઘડિયા તાલુકામાં એક દિવસમાં જ 15 મહિલાઓ સામે કાર્યવાહી

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના ઝઘડિયા રાજપારડી ઉમલ્લા તેમજ ઝઘડિયા જીઆઈડીસી પોલીસ મથક વિસ્તારોમાં એક પણ ગામ એવું નહીં હોય જ્યાં દેશી દારૂની બનાવટ અને વેચાણ ઠેર ઠેર નહીં થતું હોય.

ગતરોજ ઝઘડિયા રાજપારડી અને ઉમલ્લા પોલીસ મથક ના અધિકારીઓ દ્વારા તેમના વિસ્તારના અલગ અલગ 11 જેટલા ગામડાઓમાં બાતમીના આધારે છાપો મારી 15 જેટલી દેશી દારૂ વેચનાર મહિલાઓ સામે કાર્યવાહી હાથ ધરી છે, ઝઘડિયા તાલુકાના ત્રણેય પોલીસ મથકોના ફૂલવાડી લીંમોદરા ઝઘડિયા ઝાઝપોર ગોવાલી રાજપારડી કૃષ્ણપરી જરોઈ દુ :વાઘપુરા ઉચ્છબ અને ખાલક જેવા 11 ગામડાઓમાં દેશી દારૂ વેચનાર સામે સપાટો બોલાવ્યો છે, ઝઘડિયા રાજપારડી ઉમલ્લાના પોલીસ મથક દ્વારા તમામે તમામ ૧૫ જેટલી મહિલા બુટલેગરો સામે કાર્યવાહી હાથ ધરી તેમની વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધી છે.

**DATE: 26/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### એલસીબી, એસઓજીની ટીમે સબજેલમાં ઓચિંતું ચેકિંગ હાથ ધર્યું હતું

# ભરૂચની સબજેલમાંથી હત્યાના આરોપી પાસે મોબાઈલ મળ્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એસપી મયુર ચાવડાએ જિલ્લાની જેલોમાં અનઅધિકૃત રીતે સામાન તસ્કરી થાય છે કે કેમ તે તપાસ કરવા માટે ભરૂચ સબજેલ તેમજ અંકલેશ્વર તાલુકા જેલમાં ઓચિંતુ ચેકિંગ કરવાની સુચના આપી હતી. જેના પગલે લોકલ ક્રાઇમ બ્રાંચ, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ, પેરોલ ફર્લો સ્કવોર્ડ, બોમ્બ ડિસ્પોઝ ટીમ તેમજ ભરૂચ બી ડિવીઝન પોલીસની ટીમે સંયુક્ત રીતે ભરૂચ સબજેલ અને અંકલેશ્વરમાં તાલુકા જેલમાં અચાનક ધામા નાંખ્યાં હતાં.અંકલેશ્વર તાલુકા જેલમાં તમામ બેરેકની તપાસ કરવામાં આવી હતી. જોકે, ત્યાં ટીમોને કાંઇ પણ સંદિગ્ધ સામગ્રી મળી ન હતી.જોકે, બીજી ટીમોએ ભરૂચ સબજેલમાં ચેકીંગ કર્યું હતું. દરમિયાનમાં સબજેલમાં હાંસોટના હત્યા કેસના આરોપી સલીમ નશરૂદ્દીન રાજ (રહે. જુમ્મા મસ્જીદ પાસે, લાલબજાર, ભરૂચ) પાસેથી ટીમે એક મોબાઈલ જપ્ત કર્યો હતો. ઘટનાને પગલે ટીમે તેની સામે પ્રિઝન એક્ટની કલમ 42,43 તેમજ 45(12) હેઠળ ફરિયાદ નોંધાવતાં બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

### સબજેલની હોસ્પિટલમાં જ આરોપી ઝડપાયો

સબજેલના કેદીઓને કોઈ નાની-મોટી બિમારી થાય તો તેમને તુરંત સારવાર મળી રહે તે માટે સબજેલમાં એક નાની હોસ્પિટલ હોય છે. પોલીસની ટીમોએ જ્યારે ચેકિંગ કર્યું ત્યારે સલીમ હોસ્પિટલમાં કોઈ બાબતે દવા લેવા ગયો હતો. ટીમે તેને ચકાસતા તેના ખિસ્સામાંથી મોબાઈલ મળી આવ્યો હતો.

**DATE: 26/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### તહેવારો પહેલાં પોલીસે તવાઇ બોલાવી

# ઝઘડિયા તાલુકામાંથી મહિલા સહિત વધુ 11 બૂટલેગર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા પોલીસે ઝાઝપુર, કપલસાડી, ગોવાલી, અંધારકાછલા, જામોલી તથા દઢેડા ગામે દેશી દારૂનો ધંધો કરનારને ઝડપી પાડી તેમની વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે. રાજપારડી પોલીસે પોરા વણાકપોર તથા ઉમલ્લા પોલીસે ઉમલ્લા તથા ઝઘડિયા જીઆઇડીસી પોલીસે દઢેડા ગામેથી દેશી દારૂ વેચનાર ઈસમો અને ઝડપી પાડી તેમની વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે. ઝઘડિયા તાલુકામાં ઝડપાયેલ 11 દેશી દારૂ વેચનારાઓમાં 8 જેટલી મહિલાઓ તથા 3 જેટલા પુરુષોને ઝડપી પાડી તેમની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, જ્યારે ઝઘડિયા પોલીસે ઝઘડિયા ટાઉનના રખા ફળિયામાં રહેતાં મુકેશ ઉર્ફે ચિલ્લી સુરેશ વસાવાને વિદેશી દારૂ સાથે ઝડપી પાડયો છે. પોલીસની કાર્યવાહીના પગલે બૂટલેગરોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.

**DATE: 26/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# હાંસોટ કુંભારવાડ આંગણવાડી નજીકથી ૪ જુગારી ઝડપાયા

હાંસોટ,તા.૨૫

હાંસોટના મોટા કુંભારવાડ આંગણવાડી પાસેથી જુગાર રમતાં છ જુગારીઓને પોલીસે ઝડપી લીધા હતાં.

## પોલીસે ૨૧ હજારનો મુદ્દામાલ જપ્ત કરી ગુનો દાખલ કર્યો

હાંસોટના મોટા કુંભારવાડ નજીક આવેલી આંગણવાડી પાસે કેટલાક પરપ્રાંતીય શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમીના આધારે હાંસોટ પોલીસે ઘટના સ્થળે રેડ પાડી છ શખ્સને પત્તાપાનાનો જુગાર રમતાં ઝડપી લીધા હતાં. પોલીસે રોકડા રૂ.૧૦૩૫૦ તથા ચાર મોબાઈલ મળી કુલ રૂ.૨૧૩૫૦ ના મુદ્દામાલ સાથે ગોવિંદ ચૌહાણ, કમલેશ ચમાલ, વિશ્વકર્મા ચૌહાણ (ત્રણેય રહે.બિહાર) અનિલ ચૌહાણ, રાજુ ચૌહાણ અને શિવરાજ ચૌહાણ (ત્રણેય રહે.ઉત્તરપ્રદેશ) સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.



**DATE: 26/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHARPAGE-01**

# અંકલેશ્વર નજીક હાઈવે પર કારમાં દારૂના જથ્થા સાથે બે શખ્સ ઝડપાયા

અંકલેશ્વર તા.૨૫

અંકલેશ્વર નેશનલ હાઈવે ઉપર યુપીએલ કંપની પાસેથી સેલવાસથી ભરૂચ લઈ જવાતો વિદેશી દારૂના જથ્થા સાથે ભરૂચ પેરોલ પોલીસે બે શખ્સને રૂ.૧.૩૭ લાખથી વધુના મુદ્દામાલ સહિત ઝડપી પાડ્યા હતા.

## દારૂનો જથ્થો આપનાર શખ્સને વોન્ટેડ જાહેર કર્યો, રૂ.૧.૩૭ લાખથી વધુના મુદ્દામાલ જપ્ત

ભરૂચ પેરોલ ફલી સ્કોવાર્ત્ડનો સ્ટાફ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમા હતો.તે દરમિયાન બાતમીના આધારે કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરી બે શખ્સ સેલવાસથી ભરૂચ તરફ આવનાર છે. જેવી બાતમીના આધારે પોલીસે અંકલેશ્વર નેશનલ હાઈવે ઉપર યુપીએલ કંપની પાસે વોચ ગોઠવી હતી.તે દરમિયાન બાતમી વાળી કાર આવતા પોલીસે તેને અટકાવી તેમાં તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂની ૩૦૯ નંગ બોટલ મળી આવી હતી.પોલીસે રૂ.૩૭ હજારનો દારૂ અને ૧ લાખની કાર મળી કુલ ૧.૩૭ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.નવા શુક્લતીર્થ ગામના તળપદા ફળીયામાં રહેતો બૂટલેગર મનોજ અશોક ભાઈ પટેલ અને વિશાલ રમણ ભાઈ પટેલને ઝડપી પાડ્યો હતો.જ્યારે વિદેશી દારૂ ભરી આપનાર ધર્મેશ નામના શખ્સને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી હતી.

**DATE: 27/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### યુવાને સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ કર્યો હતો

# નર્મદા મૈયા બ્રિજ પર બાઈકનો સ્ટંટ કરનાર યુવાન કરમાડ ગામનો નીકળ્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના નર્મદા મૈયા બ્રિજ પર એક યુવાન મોંઘીદાટ બાઈક પર સ્ટંટ કરતો હોવાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.જેના પગલે ભરૂચ સી ડિવિઝન પોલીસે તપાસ કરતાં યુવાન કરમાડ ગામનો હોવાનું માલુમ પડતાં ટીમે તેની ધરપકડ કરી તેની સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ અંકલેશ્વરને જોડતાં નર્મદા મૈયા બ્રિજ પર કેટીએમ બાઈક પર એક યુવાન સ્ટંટ કરતો વિડીયો વાયરલ થયો હતો. જેમાં તે તેની બાઈકનું પાછળનું ટાયર હવામાં અધ્ધર કરી આગળના ટાયર પર બાઈક ચલાવતો જણાયો હતો. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલાં વિડીયોના આધારે ભરૂચ સી ડિવિઝન પોલીસે તપાસ કરતાં બાઈક ચલાવનાર યુવાનનું નામ અરશદ ઉસ્માન હાફેજી સુલેમાન પટેલ (રહે. કરમાડ) હોવાનું માલુમ પડ્યું હતું. ભરૂચ પોલીસે તેની ધરપકડ કરી તેની પુછપરછ હાથ ધરતાં તેણે જવણાવ્યું સોશિયલ મીડિયામાં પ્રસિદ્ધી મેળવવા માટે વિડીયો બનાવ્યો હતો. તેમજ તેણે લોકોનો જીવ જોખમમાં મુકાય તે રીતે વાહન હંકાર્યું હોવાની કબુલાત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલાં ચાલુ કારમાં સ્ટંટ કરી રહેલાં પાંચ યુવાનોનો વિડીયો સોશિયલ મિડીયમાં વાયરલ થયો હતો અને પોલીસે તમામને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 27/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### વાગરા પોલીસે રેડ પાડતાં દોડધામ મચી

# વિછીયાદ ગામે જુગાર રમતાં 5 જુગારીને જેલભેગા કરાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરા તાલુકાના વિછીયાદ ગામે જાહેરમાં જુગાર રમતાં પાંચ શખ્સોને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની પાસેથી 10 હજારથી વધુની રોકડ રકમ જપ્ત કરી તમામ વિરૂદ્ધ ગુનોનોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વાગરા તાલુકામાં આવેલાં વિછીયાદ ગામે નવીનગરી વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના અજવાળામાં કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી હોવાની ચોક્કસ બાતમી વાગરા પોલીસને મળી હતી. જેના આધારે પોલીસની ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસની રેડ પડતાં જુગારિયાઓમાંદોડધામ મચી ગઈ હતી. જોકે, ટીમે તમામ પાંચ જુગારિયાઓને ઝડપી પાડી તેમની પુછપરછ કરતાં તેમના નામ અમિરશા મોહમદશા દિવાન, સુલેમાન ઈસ્માઈલ દિવાન, રાકેશ અર્જૂન રાઠોડ, વિજય પ્રવિણ રાઠોડ તેમજ નરેશ મોહન રાઠોડ હોવાનું માલુમ પડ્યું હતું.

**DATE: 28/10/2023 CATEGORY: GREEN**

**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# મકાન-દુકાનના ભાડૂઆતની નોંધણી ન કરતાં સામે ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે શહેર જિલ્લામાં ભાડૂઆત નોંધણી ચકાસણીની ઝૂંબેશ હાથ ધરી છે. જેના ભાગરૂપે ટીમે ચાવજ ગામે આવેલાં બે શોપિંગ સેન્ટરો ખાતે ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં વિશ્વમ સ્ક્વેર શોપિંગ સેન્ટરની દુકાનો તપાસતાં તે પૈકીની 3 તેમજ એપલ પ્લસ શોપિંગ સેન્ટરની દુકાનો પૈકીની 2 દુકાનોમાં રહેલાં ભાડૂઆતોની પુછપરછ કર્યાં બાદ તપાસ કરતાં તેમની નોંધણી સ્થાનિક પોલીસ મથકે ન કર્યાનું માલુમ પડ્યું હતું.

અરસામાં ભરૂચ એસઓજીના પીએસઆઈ આર. એસ. ચાવડાએ તેમની ટીમ સાથે નેત્રંગમાં દેડિયાપાડા રોડ પર આવેલાં લાલ મંટોડી ખાતેના આનંદા હોટલમાં તપાસ કરી હતી. જેમાં તેમને માલુમ પડ્યું હતું કે, 1 સપ્ટેમ્બરથી 25 ઓક્ટોબર સુધીમાં તેમના 140 મુસાફરો રોકાયાં હતાં. જે પૈકીના માત્ર 6 જણાની જ પથિક સોફ્ટવેરમાં એન્ટ્રી કરી હતી. જેના પગલે ટીમે મેનેજર રાજુ ચંદુ મકવાણા વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો.

**DATE: 28/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### નેત્રંગ-વાલિયામાં વોટર સપ્લાય સ્કીમનું કામ ચાલતું હતું, ડ્રાઇવર જ ચોર નીકળ્યો

# નેત્રંગથી ચોરાયેલું જેસીબી 100 કિમી દૂર કવાંટના વજેપુરના જંગલમાંથી મળ્યું

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વડોદરાના ગોત્રી-વાંસણા રોડ પર રહેતાં આશિષ માલસત્તર કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરે છે. તેમની વી.આર. સોરઠિયા ઈન્ફ્રા કંપનીને નેત્રંગ-વાલિયા રીજીનિયલ વોટર સપ્લાય સ્કિમ કરજણ ગ્રુપનું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ નેત્રંગ પેકેજ 11નું બે વર્ષથી કામ ચાલી રહ્યું છે. જેના પગલે હાલમાં મોવી ગામ ખાતે તેમની કામગીરી ચાલી રહી હોઇ ત્યાં પંપ રૂમના કંપાઉન્ડમાં તેમના માણસોએ તેમનું જેસીબી પાર્ક કર્યું હતું. જે ગત રાત્રીએ ચોરી થઈ ગયો હતો. દરમિયાનમાં પોલીસને ઘટનાની જાણ થતાં ટીમ તુરંત એક્શનમાં આવી ગઈ હતી કે, ટીમે નેત્રંગ સહિત દેડિયાપાડા-રાજપીપળા તરફના સીસીટીવી ફૂટેજ તપાસ્યાં હતાં. જેમાં એક જેસીબી ઉદેયપુર તરફ જતું જાણાતાં છોટાઉદેપુર, નસવાડી, કવાંટના પણ સીસીટીવી ફૂટેજ તપાસતાં તે કવાંટ તરફ ગયું હોવાનું માલુમ પડ્યું હતું. દરમિયાનમાં જેસીબીનો ઓપરેટર અફઝલ હુસેન રસુલ મિંયા અંસારી પોલીસના હથ્થે ચઢી ગયો હતો. ટીમે તેની પુછપરછ કરતાં તેણે કબુલ્યું હતું કે, તે ત્રણ વર્ષ પહેલાં કવાંટ ખાતે ઓપરેટર તરીકે કામ કરતો હતો. ત્યારે વેલ્ડિંગનુંકામ કરતાં વનરાજ અનિલ રાઠવા સાથે મૈત્રી થઇ હતી. દરમિયાનમાં તે નેત્રંગમાં કામ કરતો હતો. ત્યારે ચોરીનો પ્લાન બનતાં તેણે વનરાજ રાઠવા તેમજ પોતાના સાળા રિયાઝુદ્દીન રઝાકમિયા અંસારી સાથે મળી જેસીબીની ચોરી કરી હતી. જે બાદ તેને ચલાવીને લઈ જઈ કવાંટ ખાતે આવેલાં વજેપુર ગામના જંગલમાં સતાડ્યું હતું. ટીમે તે જેસીબી જપ્ત કરી તેના બન્ને સાગરિતો વનરાજ રાઠવા તેમજ રિયાઝુદ્દીન અંસારી વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 28/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસે ત્રીજા દિવસે 13 કેસ નોંધી કાર્યવાહી કરી

# ઝઘડિયામાં દિવાળી પહેલાં દેશી દારૂના બૂટલેગરો પર તવાઈ

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ત્રીજા દિવસે પણ ઝઘડિયા રાજપાડી તથા ઉમલ્લા પોલીસે 11 જેટલા દેશની દારૂ વેચનાર સામે કાર્યવાહી કરી હતી. ચોથા દિવસે ઝઘડિયા પોલીસે ઝઘડિયા લીંમોદરા, ખરચી, ઉટિયા, મોટાઅણધરા ગોવાલી, નાનાસાજાં, રાજપારડી પોલીસે વણાકપોર તથા ઉમલ્લા પોલીસે પાણેથા વલા ગામે દેશી દારૂનો ધંધો કરનાર 11 મહિલા તથા 2 પુરુષ મળી 13 ઈસમોને ઝડપી પાડી તેમની વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે, જ્યારે રાજપારડી પોલીસને બાતમી મળી હતી કે રાયસિંગપુરાના ચોરા ફળિયામાં રહેતો ધનજી પરમાર વિદેશી દારૂ ઉમલ્લા તરફથી રાજપારડી તરફ વિદેશી દારૂ લાવી રહ્યો છે તેવી બાતમી મળી હતી, જેના આધારે મોટરસાયકલ આવતા તેને રોકી નામ ઠામ પૂછી તેની પાસેની કાપડની થેલીમાં તપાસ કરતા વિદેશી દારૂની 10 નંગ બોટલ ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 28/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### બાઇક પર જવાનો હોવાની બાતમી મળી હતી

# વાહનો અને મોબાઈલ ચોરીનો અઠંગ તસ્કર આછોદથી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

રીઢા ચોર સલમાનને લોકલ ક્રાઈમ બ્રાંચે આછોદ ચોકડી પરથી ચોરીની બાઈક અને મોબાઈલ સાથે પકડી લીધો છે. ભરૂચ જિલ્લામાં વણ ઉકેલાયેલાં વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલવા માટે એસપીએ દરેક પોલીસ સ્ટેશનમાં સૂચના આપી છે. જે સંદર્ભમાં એલસીબીની ટીમે પણ વાહનચોરો પર નજર રાખવાનું શરૂ કરી દીધું હતું. એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે શંકાસ્પદ કાળા રંગની સ્પલેન્ડર બાઈક પર એક આરોપી આછોદ ચોકડી પર હોવાની માહિતી મળી હતી. જેથી આછોડ ચોકડી પાસે વોચ ગોઠવવામાં આવી હતી. ભરૂચ શહેરમાંથી ચોરાયેલી બાઈક અને તાલુકામાંથી ચોરી થયેલા મોબાઈલ સાથે રીઢા ચોર સલમાન પટેલને ઝડપી લીધો હતો. મૂળ વલણ અને હાલ કંથારિયા ગામે આ આરોપી રહેતો હોવાની માહિતી છે.

**DATE: 28/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### વિવિધ સ્થળોએ દરોડામાં 3 આરોપી ઝબ્બે

# નેત્રંગમાં ગામેગામ સાગરીતો રાખી આંકડાના જુગારનું નેટવર્ક

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ

નેત્રંગ પોલીસ સ્ટેશનનો સ્ટાફ અસનાવી બીટમાં પેટ્રોલીંગમાં હતી તે અરસામાં બાતમી મળતા તે મુજબ દરોડો પાડતા મોટામાલપોર ગામે નિશાળ ફળીયામા રહેતો ભોગીલાલ વસાવા, અસનાવી ગામે સ્ટેશન ફળીયા વિસ્તારમા રહેતો પ્રવિણ વસાવા,ઝરીયા ગામે રહેતો મહેશ વસાવા ઘરના આગળના ભાગે આંક ફરકના આંકડા લખતા હાથે ઝડપાઈ ગયા હતા.પોલીસે ઘટના સ્થળેથી 11,550 રોકડા અને અંગઝડતીમાંથી બીજા 450 રૂપિયા તેમજ મોબાઈલ મળી 12500 અને આંકડા જુગાર રમાડવા લખવાનો સામાન કબજે લઈ ત્રણેય જુગારીયાઓની પૂછપરછ કરતા સટ્ટા બેટીંગ ના આંકડા લખવા માટે રાઈટર તરીકે નેત્રંગના મોવી રોડ ઉપર રહેતો સલમાન અબ્દુલ મલીક પઠાણ રાખેલ જેને લઈને તેને વોન્ટેડ જાહેર કરાયો છે.

**DATE: 29/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### બેંકમાં તથા ઘર બંધ કરીને જતી વેળા કાળજી રાખવા માટે સૂચના

# અંકલેશ્વરમાં 3 લાખની ચીલઝડપ બાદ પોલીસે આગેવાનોની બેઠક બોલાવી



ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં સામી દિવાળીએ જ ઉદ્યોગપતિની કારનો કાચ તોડી 3 લાખથી વધુની રોકડ રકમની ઉઠાંતરીની ઘટના બની હતી. દિવાળી પહેલાં કર્મચારીઓના પગાર અને બોનસ તથા અન્ય નાણાકીય વ્યવહારોમાં તેજી આવશે ત્યારે ગઠિયાઓથી લોકો સાવધ રહે તે માટે પોલીસે બેઠક યોજી હતી.

દિવાળીનો સમયઆવતા ચોરી તેમજ ચીલ ઝડપ અને લૂંટ જેવા ગંભીર ગુનાનું પ્રમાણ વધી જાય છે અને બે દિવસ પહેલાં પણ ચીલઝડપનો બનાવ બન્યો હતો. જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં પીઆઇ સગરની અધ્યક્ષતામાં બેંક, જ્વેલર્સ, વિવિધ સોસાયટીઓના પ્રમુખ, કંપનીઓના પ્રતિનિધિઓ, વેપારીઓ, જવેલર્સ, કોન્ટ્રાકટરો સહિતના લોકો કે જેઓ રોજના મોટી રકમના નાણાકીય વ્યવહારો સાથે સંકળાયેલાં છે તેમની બેઠક બોલાવવામાં આવી હતી. દિવાળી નજીક આવેલા હોવાથી બેંકોમાં ખાસ કરી મોટી રકમ લઇ જતી વેળા જરૂરી કાળજી લેવા સૂચનો કર્યા હતા. આ ઉપરાંત પોતાની આજુબાજુ શંકાસ્પદ હિલચાલ કરતા તત્વો નજરે પડે તોપોલીસને જાણ કરાવીતેમજ દિવાળી દરમિયાન ઘર બંધ કરી જતા પરિવાર પોતાનોકિંમતી સમાન સલામત સ્થળે મુકવાઅપીલ કરી હતી. તેમજ પોલીસ ને પણ જાણ કરે તો પેટ્રોલીંગદરમિયાન પોલીસ બંધ મકાન પર નજર રાખી શકે અને જો આજુબાજુમાં બંધ મકાન હોય તો રહીશોને પોલીસને જાણ કરવા અપીલ કરી હતી.

### દિવાળી અને હોળીના તહેવારોમાં સૌથી વધારે ખતરો

હોળી અને ધુળેટીના તહેવારો લોકો પોતાના વતનમાં ઉજવવાનું પસંદ કરતાં હોય છે. કેટલીક ચોર અને લુંટારૂ ટોળકીઓ વતનમાં પરત જતી વખતે રસ્તામાં ધાડ અને લૂંટના ગુના કરતી હોય છે. ભુતકાળમાં ભરૂચ જિલ્લામાં આ સમયગાળામાં અનેક ગુના બની ચુક્યાં છે. વર્તમાન સમયમાં વાહનોમાંથી કિંમતી વસ્તુઓ તેમજ બેગની ઉઠાંતરી કરી જતી ટોળકીઓમાં વધારો થઇ રહયો છે. પોલીસે નાગરિકોને પોતાનો કિંમતી સામાન કે રૂપિયા ભરેલી થેલીઓ વાહનોમાં મુકવાના બદલે પોતાની સાથે રાખવા અપીલ કરી છે.

**DATE: 29/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

## ભરૂચ જિલ્લાના પોલીસ કર્મીઓ દ્વારા કરાયેલી વિવિધ કામગીરીને બિરદાવી

# 11 પોલીસકર્મીને ડીજીપીના હસ્તે પ્રસંશાપત્ર અપાયાં

ભાસ્કરન્યૂઝ|ભરૂચ

ગુજરાત રાજ્યના પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી વિકાસ સહાયે ભરૂચ જિલ્લાની મુલાકાત લીધી હતી. તેમણે જિલ્લામાં ફરજ બનાવી રહેલાં વિવિધ પોલીસકર્મીઓની કામગીરીના અહેવાલ તપાસી તે પૈકીના 11 પોલીસકર્મીઓને પ્રસંશાપત્ર એનાયત કરાયાં હતાં.

ભરૂચમાં ડીજી વિકાસ સહાયએ મુલાકાત લીધી હતી. જિલ્લાના ક્રાઈમ રેટથી માંડીને ભૌગોલિક સ્થિતી અને અન્ય તમામ બાબતોનું તેમણે નિરીક્ષણ કર્યું હતું. ઉપરાંત તેમણે જિલ્લાના ઉત્કૃષ્ડ કામગીરી કરનારા પોલીસ કર્મીઓને પ્રસંશાપત્ર એનાયત કર્યાં હતાં. જેમાં ભરૂચ એલસીબીના પીઆઈ ઉત્સવ બારોટ તથા પીએસઆઈ આર. કે. ટોરાણીને જંબુસર મેઈન બજારમાં આંગઠિયા પેઢીના કર્મી પાસેથી 11.25 લાખ લૂંટનારા 3 આરોપીઓને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડ્યાં હોઈ તેમની કામગીરી બિરદાવી હતી. ઉપરાંત ભરૂચ એસઓજીના એ. એ. ચૌધરી તથા કોન્સ્ટેબલ સુરેશ વણઝારાને ઝાડેશ્વર ચોકડીથી 1.33 કરોડના નશાયુક્ત પદાર્થની હેરાફેરી કરનારા 5 આરોપીની ધરપકડ કરવાના મામલે સન્માનિત કરાયાં હતાં. અંક્લેશ્વર જીઆઈડીસીના પીઆઈ બી. એ. સગરને પાડોશીની બાળકી સાથે દુષ્કર્મ આચરી ફરાર થયેલાં આરોપીને ઝડપી પાડવા બદલ, સાયબર ક્રાઇમ પીઆઈ એસ. ડી. ફુલતરીયાને અલગ અલગ રીતે 19 લાખની ઓનલાઈન ઠગાઈના કેસમાં ગુગલ યુએસએથી માહિતી એકત્ર કરી ઉત્તરાખંડના આરોપીઓને ઝડપી પાડવા બદલ, એલસીબી પીએસઆઈ પી.એમ. વાળાને અમદાવાના જ્વેલર્સન પાસેથી સામલોદ પાસે 1.21 કરોડની લૂંટ કરવાના કેસમાં આરોપીઓને ઝડપી પાડવાના કેસ બદલ, નબીપુર પીએસઆઈ કે. એમ. ચૌધરીને પૂરમાં ફસાયેલાં 300થી વધુ લોકોને રેસ્ક્યૂ કરવા બદલ તેમજ અંક્લેશ્વર બી ડિવિઝન પીએસઆઈ પી. કે. રાઠોડને પૂરમાં જીવના જોખમે લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવા બદલ, ઉપરાંત જિલ્લા ટ્રાફિકના કોન્સ્ટેબલ લતીશ ચૌધરીને અંક્લેશ્વરમાં થયેલાં અકસ્માતમાં વાહનમાં ફસાયેલાં ડ્રાઈવરને બચાવવા બદલ તેમજ પેરોલ ફર્લો સ્કવોર્ડના કોન્સ્ટેબલ અનિલ દીતાને ઉટિયાદરા લૂંટ વીથ ટ્રીપલ મર્ડર કેસમાં સબજેલમાંથી ફરાર આરોપીને ઝડપી પાડવા બદલ પ્રસંશાપત્ર આપ્યું હતું.

**DATE: 29/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંક્લેશ્વરમાંથી દારૂ સાથે મહિલા બૂટલેગર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શ્રીધર સોસાયટી ના મકાન નંબર બી-29 માં રહેતો ઓમપ્રકાશ પટેલે મકાનના પહેલા માળે દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે.તેની પત્ની ગૌરી તેનું છૂટક વેચાણ કરે છે. પોલીસે મકાન પર દરોડા પાડતાં બુટલેગર ફરાર થઈ ગયો હતો પણ તેની પત્નીને ઝડપી લેવાઈ હતી. તેની પાસેથી 63 હજારનો દારુ કબજે કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ વિસ્તારમાં ચાલતી દારૂની બદીને નિષ્ફળ રહી હોવાની પણ ફરિયાદ ઉઠી છે.

**DATE: 29/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## મુખ્ય સુત્રધારને ઝડપી પાડવા કવાયત

# સ્કૂલ બેગમાં દારૂની ખેપ મારતાં બે જણા ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એલસીબીની ટીમે પેટ્રોલિંગ વેળાં બરાનપુરા વેરાઈ માતા મંદીર પાસે વોચ ગોઠવતાં બે શખ્સો શંકાસ્પદ જણાતાં તેમને રોકી તેમના નામ પુછતાં એકનું નામ રફીક ઐયુબ મુલતાની જ્યારે બીજાનું નામ મનોજ બચુ વસાવા હોવાનું માલુમ પડ્યું હતું. તેમની પાસેથી બે સ્કૂલ બેગ તેમજ થેલામાં તપાસ કરતાં તેમાંથી વિદેશીદારૂની કુલ 10 હજાર રૂપિયાના મત્તાની 32 નંગ બોટલો મળી આવી હતી. જેના પગલે ટીમે તેઓ વિદેશીદારૂ ક્યાંથી લાવ્યાં તે અંગેની પુછપરછ કરતાં તેમણે કબુલ્યું હતું કે, તેઓએ બરાનપુરા ખત્રીવાડ વિસ્તારમાં રહેતાં જીતેન્દ્ર ઉર્ફે જીતુ ડાહ્યા ખત્રી પાસે તેમને દારૂનો જથ્થો આપી ગયો હતો. જેના પગલે ટીમે ત્રણેય વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વિદેશીદારૂનો જથ્થો આપનાર મુખ્ય સુત્રધાર જીતેન્દ્રને વોન્ટેડ જાહેર કર્યો છે.

**DATE: 29/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભુત બંગલાની બહાર જુગાર રમતાં હતા

# અંકલેશ્વરમાં જુગારના અડ્ડા પર પોલીસના દરોડા, 6 જેલભેગાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના રાજપીપળા ચોકડી પાસે આવેલાં ભૂત બંગલાબહાર જુગાર રમતા 6 ખેલીને પોલીસે ઝડપી પાડયાં છે. દિવાળી પહેલાં ભરૂચ પોલીસે દારુ અને જુગારના અડ્ડાઓ પર તવાઈ બોલાવવાની શરૂઆત કરી છે. એલસીબીની ટીમને અંકલેશ્વરની રાજપીપળા ચોકડી પાસે આવેલાં ભુત બંગલા પાસે જુગારનો અડ્ડો ચાલતો હોવાની માહિતી મળતાં દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં સોભરણસિંહ ચૌહાણ, દેવેન્દ્ર રાજપૂત, સોનુ સિંગ , બીરેન સિંગ, રામ બગલે અને ઈમ્તિયાઝ ખાનને ઝડપી લેવાયાં હતાં. પોલીસને જોઈ જુગારીયાઓમાં નાસભાગ મચી હતી પરંતુ પોલીસે તમામને ઝડપી પાડયાં હતાં. તેમની પાસેથી 12 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભરૂચ જિલ્લામાં નવનિયુક્ત એસપી મયુર ચાવડાએ દારૂ અને જુગારની બદીને નાબુદ કરવા માટે આદેશ કર્યો છે.